## ❊ પર્યુષણ કરાવવા જનાર તપોવની વીરસૈનીકો ❊

| No. | Center | Tapovani Student | Std. |
|---|---|---|---|
| 1 | Vijapur | Jain Vinay Vikrambhai | 10 |
| | | Shah Aayush Vipulbhai | 10 |
| 2 | Delhi | Sanghvi Mrugendra Vimalbhai | 9 |
| | | Bhandari Hardik Sandeepkumar | 10 |
| 3 | Bijova | Jain Siddh Devendrabhai | 10 |
| | | Lunavat Ayush Santoshbhai | 10 |
| 4 | Nalasopara | Shah Prayush Nimeshbhai | 10 |
| | | Ranka Pratham Kamleshbhai | 10 |
| 5 | Badlapur | Khivasara Bhavesh Kishorbhai | 10 |
| | | Morkhia Megh Dipeshbhai | 9 |
| | | Shah Viral piyushbhai | 10 |
| 6 | Chinchavad | Jain Bhavesh Arvindbhai | 10 |
| | | Shah Uday Dharmeshbhai | 10 |
| 7 | Tumkur | Kothari Manan Abhayraj | 10 |
| | | Jain Kush Vijaybhai | 10 |
| 8 | Rajpipla | Shah Jinang Harshadbhai | 10 |
| | | Jain Dixit Mahavirbhai | 10 |
| 9 | Lambha | Shah Manav Bhargavbhai | 10 |
| | | Shah Viraj Hiteshbhai | 10 |
| 10 | Kamset | Varaiya Ansh Nikeshbhai | 9 |
| | | Bakhai chirag Dipakbhai | 10 |
| 11 | Mahim | Shanghavi jinang Bhagyavantbhai | 9 |
| | | Munot Vishal Tarachandji | 10 |



જૈન વિનય વિક્રમભાઈ

### વીજાપુર



શાહ આયુષ વિપુલભાઈ

પૂ. ગુરુમાના આશીર્વાદ તથા પૂ. ગુરુજીના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે તૈયાર થઈને અમે પર્યુષણની આરાધના કરાવવા વીજાપુર ગયા. સંઘનો ઉત્સાહ ખૂબજ સારો હતો. ખૂબ મોટો સંઘ હતો. લગભગ ૧૦૦ જેટલા ઘર છે અને કુલ ૧૧ દેરાસર છે. સંઘનો ઉછળતો ભાવ તથા સાધર્મિક ભક્તિ જોઈને તથા જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા જોઈને અમને ત્યાં આરાધના કરાવવા અને કરવાની ખૂબજ મજા આવી. અમે ત્યાં અનેક ધાર્મિક ગેમ્સ પણ રમાડી સવાર-સાંજના પ્રતિક્રમણ



તથા બંને સમયના વ્યાખ્યાનમાં સારી એવી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેતા હતા. ત્યાં સુદ પાંચમનો મહિમા ખૂબ છે. લોકો બસ દ્વારા પણ પાંચમે અહીં સ્નાત્ર મહોત્સવ કરવા પધારે છે. સંઘ સાથે એક પરીવાર જેવો નાતો આ આઠ દિવસમાં બંધાઈ ગયો હતો. પારણાના દિવસે અમે નીકળ્યા ત્યારે અમને વિદાય કરવા આવેલ શ્રી સંઘના સભ્યોની આંખોમાં વિદાયના આંસુ આવી ગયા હતા.



સંઘવી મૃગેન્દ્ર વિમલભાઈ

### દિલ્હી



ભંડારી હાર્દિક સંદિપભાઈ

પૂ. ગુરુજી પાસેથી યોગ્ય તાલીમ લઈને પર્વ પર્યુષણની આરાધના કરાવવા અમારે દિલ્હી જવાનું થયું. ત્યાં નાના-મોટા સહુને પ્રભુભક્તિમાં જોડીને આઠે દિવસ વધુને વધુ કર્મનિર્જરા થાય તેવા પ્રયત્નો અમે કર્યા હતા. સવાર-સાંજના પ્રતિક્રમણ, વ્યાખ્યાન ઉપરાંત કૌન બનેગા જ્ઞાનવીર, હાઉસી, અંતાક્ષરી Quiz તથા અલગ-અલગ પ્રશ્નપત્રો લઈ અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ અમે કરાવી. પ્રવચન તથા સંધ્યાભક્તિમાં ખૂબ સારી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેતા હતા. સંઘનો ઉત્સાહ તથા સહાયક ભાવ જોઈને અમને ત્યાં આરાધના કરાવવાની ખૂબજ મજા આવી.



જૈન સિદ્ધ દેવેન્દ્રભાઈ

### બીજોવા



લુણાવત આયુષ સંતોષભાઈ

અમે અમોને ખૂબજ ભાગ્યશાળી માનીએ છીએ કે અમને પર્યુષણ પર્વની આરાધના કરાવી તપોવન સંસ્કારધામ તથા પૂ. ગુરુમા પ્રત્યેના આંશીક ઋણ મુક્તિની તક પ્રાપ્ત થઈ. પૂ. ગુરુજીએ તે માટે અમને ખૂબજ સરસ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અમે ત્યાં બંને સમયના પ્રતિક્રમણ, વ્યાખ્યાન ઉપરાંત મ્યુઝીકલ અષ્ટપ્રકારી પૂજાનું પણ આયોજન કરાવ્યું હતું. તથા ઘણી ધાર્મિક રમતો દ્વારા લોકોને ગમ્મત સાથે જ્ઞાન પિરસવાનો પ્રયત્ન કર્યો હતો. રોજ ભક્તામર સ્તોત્રનું અનુષ્ઠાન કરાવતાં હતાં, તથા ૧૪ સ્વપ્નની ઉછામણી વિશિષ્ટ રીતે કરાવી સંઘનો ઉત્સાહ વધાર્યો હતો. દરેક ચઢાવામાં શ્રી સંઘના સભ્યોએ મનમૂકીને લાભ લીધો હતો.

આમ, તપોવનરૂપી સુંદર ઉપવનમાં અમારામાં સંસ્કારોનું સિંચન જે રીતે થાય છે, તેનું ઋણ આંશિક રીતે ઉતારવાનો અમે નાના બાળકોએ પ્રયાસ કર્યો હતો.